# અઠવાડિયામાં ત્રણ દિવસ હીરાની ઘંટીઓ મૂગી થઈ જાય તો?

માણસ ગમે તેટલો મોટો થઈ જાય તોય એને વતનની એ ગલીઓ, શેરીની એ ધૂળને પાદરમાં આવેલો એ વડલો જાણે સાદ પાડ્યા કરે એવું લાગે. ગામમાંથી નીકળેલો માણસ દેશ-દુનિયાના ગમે તે ખૂણે જઈને વસવાટ કરે, પણ એનું કાળજું પોતાના વતન માટે હંમેશા ધબકતું રહે. સૌરાષ્ટ્રના મૂળ વતનીઓને કાળજાના કટકા સમા વતનની પ્રિતમાંથી જન્મ્યો હીરાઉદ્યોગનો એક નવો અધ્યાય. વાત દાયકાઓ પહેલાં શરૂ થઈ હતી. સૌરાષ્ટ્રમાં જ્યારે ખેતી વરસાદ આધારિત હતી ને વારંવાર દુષ્કાળના ડાકલા વાગતા, ત્યારે અહીંના ખમીરવંતા



યુવાનોએ રોજગારીની શોધમાં સુરત અને મુંબઈ તરફ હિજરત કરી. રાત-દિવસની આકરી મહેનતને અપ્રતિમ કોઠાસૂઝના જોરે એ યુવાનોએ હીરાના ધંધામાં ઝંપલાવ્યું. જોતજોતામાં સૌરાષ્ટ્રના સંતાનો સુરત અને મુંબઈના ડાયમંડ માર્કેટના રાજા બની ગયા. વૈશ્વિક સ્તરે એમનું નામ ગુંજવા માંડ્યું. સફળતાના શિખરે પહોંચ્યા પછી પણ તેઓ પોતાના મૂળિયાંને ભૂલ્યા નહીં. હીરાના આ વેપારીઓએ જોયું કે રોજીરોટી માટે ગામડાં ખાલી થઈ રહ્યા છે. વૃદ્ધ મા-બાપ વતનમાં એકલાં રહે છે ને જુવાનિયાઓ શ્વાસ રૂંધાય તેવી મહાનગરોની ચાલીઓમાં કે નાના રૂમોમાં જિંદગી વિતાવે છે. શહેરો તરફ થતું આ સામૂહિક સ્થળાંતર રોકવું અનિવાર્ય હતું. આવામાં તેમના મનમાં 'જો વતનના લોકોને મહાનગરોમાં ધક્કા ન ખાવા દેવા હોય, તો રોજગારને જ વતન સુધી કેમ ન પહોંચાડીએ?' નો વિચાર જાગ્યો.

બસ, આ એક વિચારમાંથી સૌરાષ્ટ્રના નાના-નાના ગામડાઓમાં, તાલુકા મથકોમાં હીરાની ઘંટીઓ ધમધમવા માંડી. બગસરા, બાબરા, અમરેલી, લાઠી, જેતપુર જેવા વિસ્તારોના નાના-નાના ગામોમાં રત્નકલાકારો માટે કારખાના શરૂ થયા. સુરત અને મુંબઈના ઉદ્યોગપતિઓએ કાચો માલ (રફ હીરા) છેક ગામડાં સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. આનાથી બે મોટા ફાયદા થયા, એક લોકોને પોતાના જ ઘરે, મા-બાપ અને પરિવારની વચ્ચે રહીને ગૌરવભેર રોજીરોટી મળવા માંડીને બીજો મહાનગરો તરફ થતું અંધાધૂંધ સ્થળાંતર અટક્યું. ગામડાંઓ ફરીથી ધબકતા થયા ને રત્નકલાકારોના ઘરમાં આર્થિક સધ્ધરતાનો સૂર્યોદય થયો. પણ સમય હંમેશાં એકસરખો નથી રહેતો. કુદરતને આંતરરાષ્ટ્રીય બજારોએ કરવટ બદલી. આવા સમયે સૌથી મોટો ધક્કો અર્થતંત્રના પાયામાં બેઠેલા શ્રમિકને લાગે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે આવેલી આર્થિક મંદીની સીધી અસર ભારતના હીરાઉદ્યોગ પર પડી. ખાસ કરીને લેબ-ગ્રોન (પ્રયોગશાળામાં બનતા) હીરાના કારણે પણ બજારના સમીકરણો બદલાયા.

આ વૈશ્વિક મંદીની અસરો સૌરાષ્ટ્રના ગામડાંઓ સુધી લંબાઈ. જે ઘંટીઓ રાત-દિવસ ચોવીસે કલાક ગુંજતી હતી, ત્યાં સન્નાટો પથરાવા માંડ્યો. કારખાનાના માલિકો પાસે પૂરતો માલ નહોતો, અને જે તૈયાર માલ હતો એની વૈશ્વિક બજારમાં માંગ ઘટી ગઈ. પરિણામે, કારખાનાના કલાકો કાપવામાં આવ્યા.

અમરેલીના બગસરા પંથકમાં પણ આ જ સ્થિતિ સર્જાઈ. અહીં આવેલી હીરાની ઘંટીઓ સળંગ ચાલતી બંધ થઈ ગઈ. અઠવાડિયામાં માત્ર ચાર દિવસ કામ ચાલે અને ત્રણ દિવસ ફરજિયાત રજા! રત્નકલાકારો માટે આ વજ્રઘાત સમાન હતું. ઘંટી ચાલે તો ઘરનું વલોણું ચાલે, પણ જો અઠવાડિયામાં ત્રણ દિવસ ઘંટીઓ મૂગી થઈ જાય, તો આખા મહિનાનું બજેટ ખોરવાઈ જાય.

આ જ કપરા સમયના ચક્રમાં ફસાયા બગસરાના શાપર



ગામના મનીષભાઈ. મનીષભાઈ વર્ષોથી હીરા ઘસવાનું કામ કરે. પણ જ્યારે બગસરાની ઘંટીઓ અઠવાડિયામાં ચાર દિવસ થઈ ગઈ, ત્યારે મનીષભાઈ સામે અસ્તિત્વનો સવાલ ઊભો થયો. 'ચાર દિવસની કમાણીમાં આખું ઘર કેમ ચલાવવું? આ પ્રશ્ન રોજ રાતે મનીષભાઈને ઊંઘવા ન દે. મનીષભાઈ મૂંઝાય, દિવસ આખો ગણતરીઓ માંડે પણ કોઈ રસ્તો જડે નહીં. ઘણા લોકો આવી સ્થિતિમાં ફરી પાછા સુરત તરફ ભાગવાનો વિચાર કરે, પણ મનીષભાઈને પોતાનું વતન છોડવું નહોતું. માણસને જ્યારે પરિસ્થિતિ ચારેય તરફથી ઘેરી લે, ત્યારે કાં તો એ હારી જાય ને કાં તો એ લડી લે. હારી જનારને કશું કરવાનું ન હોય પણ લડવા તૈયાર થનારને ઘણીવાર એક નાનકડા ટેકાની જરૂર પડે.

મનમાં મૂંઝાતા મનીષભાઈને રસ્તો જડે નહીં. વળી, બગસરાના શાપરમાં ખેતી ખરી, પણ એ ખેતીમાં કંઈ બારે મહિના રોજગારી ન મળે. ઉનાળામાં તો ખેતરો પાછા સૂકાભઠ્ઠ. આવામાં મનીષભાઈ કાંઈક નવું કરવાનું વિચાર્યા કરે પણ એમની પાસે એ માટે મૂડી નહીં. આ વિસ્તારમાં અમે વર્ષોથી સેવાકાર્યો કરીએ. શાપરમાં પણ અમે ઘણા લોકોને સ્વમાનભેર જીવી શકે એ માટે અમારા સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત સહાય આપીને પગભર કર્યા. મનીષભાઈના કાને આ વાત પહોંચી. એમણે સંસ્થાના કાર્યકર રમેશભાઈનો સંપર્ક કર્યો ને પંચરની દુકાન કરવા માટે લોનની માંગણી કરી. અમે એમને રૂ. ૩૦,૦૦૦ ની સ્વાવલંબન સહાય આપી. મનીષભાઈએ દુકાન શરૂ કરીને એમની મહેનતના જોરે ધંધો સરસ ચાલી નીકળ્યો. માણસમાં સાચી ધગશ હોય તો ગમે એવી પરિસ્થિતિમાં એને નવા-નવા રસ્તા સૂઝવા માંડે. મનીષભાઈએ પોતાની જાતને માત્ર ટાયર પંચર કરવા સુધી સીમિત ન રાખી. એમણે જોયું કે ગામના ખેડૂતોને બોરવેલ રિપેરિંગને અન્ય કામો માટે વારંવાર બજાર સુધી દોડવું પડે છે. બસ, એમણે દુકાનમાં જ એને લગતો જરૂરી સામાન રાખવાનું શરૂ કર્યું. પરિણામે એમનો દૈનિક વકરો વધ્યો. હમણાં હું બગસરા ગઈ ત્યારે મનીષભાઈને પણ મળવાનું થયું. આંખોમાં એક અનોખો હરખને ચહેરા પર ગૌરવ સાથે એમણે પોતાની સફળતાની બધી વાતો કરી. વાતો કરતાં કરતાં એમણે હસીને પાછી એક નવી રૂ. ૩૦,૦૦૦ ની લોન આપવા માટે કહ્યું. અમારા કાર્યકર રમેશભાઈએ આશ્ચર્ય સાથે પૂછ્યું, 'મનીષભાઈ, હવે તો દુકાન સરસ ચાલે છે, હવે નવી લોન લઈને શું કરશો?' જવાબમાં એમણે કહ્યું, 'બહેન, મારી આ પંચરની દુકાન જે સાંજના એટલે કે ૫ વાગ્યે બંધ થઈ જાય. પાંચ વાગ્યા પછી હું જો દુકાનમાં જ એક ઘરઘંટી નાખી દઉં, તો રાતના ૯ વાગ્યા સુધી અનાજ દળવાનું કામ કરી શકું! એનાથી મારી આવક વધી જશેને સમયનો પણ સદુપયોગ થશે.' મનીષભાઈ જેવા અદના માણસો, જેઓ પરિસ્થિતિ સામે ઝૂકવાને બદલે પરસેવો પાડીને પોતાનું ભાગ્ય પોતે લખે છે, તેમના માટે જ કવિશ્રી હરિકૃષ્ણ પાઠકે લખ્યું છેઃ

'હજીય આ હાથમાં છે તાકાત એટલી,
કે ધારીએ તો રેતીમાંથી પણ ઝરણું વહાવીએ;
નથી પરવા આપણને વંટોળ કે તોફાનની,
આપણે તો ખુદ મહેનતના જોરે દીવા પ્રગટાવીએ.'

માણસ પાસે ફાલતુનો સમય ઘણો હોય છે એ સમયનો સદઉપયોગ કરવાનું સામાન્ય રીતે લોકો કરતા નથી. ત્યારે મનીષભાઈ એક એક મીનિટ મહેનત કરીને કમાણી કરવા પાછળ ખર્ચ કરવાનું વિચારી રહ્યા છે. એમની આ ધગશને પ્રણામ.

**અમરેલીના બગસરા પંથકમાં પણ આ જ સ્થિતિ સર્જાઈ. અહીં આવેલી હીરાની ઘંટીઓ સળંગ ચાલતી બંધ થઈ ગઈ. અઠવાડિયામાં માત્ર ચાર દિવસ કામ ચાલે અને ત્રણ દિવસ ફરજિયાત રજા! રત્નકલાકારો માટે આ વજ્રઘાત સમાન હતું**

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

# પ્રાચીન સભ્યતાની વિદ્યાપીઠ જેવા પીરામીડ અને ઈજીપ્ત

જગતની માનવ સભ્યતાને સમજવા માટેનો આધાર હોય તો એ છે પ્રાચીન સ્થાપત્ય. કાળની થપાટ સામે સાત અજાયબીઓમાંથી છ નાશ પામી, છતાં ઈજીપ્તના પીરામીડ આજે પણ ઊભાં છે. જગતને પ્રાચીન સંસ્કૃતિની ભેટ આપનાર ઈજીપ્ત આફ્રિકાનો એકમાત્ર એવો દેશ છે જે આફ્રિકામાં અલગ પડી જાય છે. જગતમાં મહાન સંસ્કૃતિઓ વિકાસ પામી જેમાં આફ્રિકાખંડમાં આવેલી ઈજિપ્તની (મીસર) પ્રાચીન સંસ્કૃતિની ગણતરી થઈ શકે છે. વર્તમાન સમયમાં ઈજીપ્ત આફ્રિકાખંડનો વસ્તીની દૃષ્ટિએ બીજો સૌથી મોટો દેશ છે. વંશની રીતે ઈજીપ્સીયનો આરબો છે. આફ્રિકાના મહત્તમ દેશોમાં રાજકીય સ્થિરતા, શિક્ષણ અને વિકાસનો અભાવ છે, પરંતુ આખાય આફ્રિકામાં સૌથી વધુ શિક્ષિત અને સ્થિર દેશ ઈજીપ્ત છે. ઈજીપ્ત પાસે તેલના ભંડારો નથી તે છતાં તે એક દેશ તરીકે સમૃદ્ધ છે.

ઈજીપ્તની પ્રજા શિક્ષણનો વારસો ધરાવે છે. ઈ.સ. ૯૭૦માં સ્થાપાયેલી જગતની એકમાત્ર પ્રાચીન વિદ્યાપીઠ અલ અઝહર યુનિવર્સિટી આજે પણ ઉચ્ચ શિક્ષણ આપવાનું કામ કરી રહી છે. આરબ દેશોમાં ઈજીપ્ત જુદી ઓળખ ધરાવતો દેશ છે. અપવાદોને બાદ કરતા મોટાભાગના આરબ દેશો ખનિજ તેલથી સમૃદ્ધ છે. તેમ છતાં આ દેશો રાજકીય, સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત છે. ઉપરાંત ઈજિપ્તને બાદ કરતાં સમગ્ર આરબ જગતમાં લોકશાહીનું નામોનિશાન નથી. કોઈ સમયે પૂર્વના જ્ઞાન અને વિજ્ઞાનને પશ્ચિમ સુધી પહોંચાડવાનું કામ કરનાર આરબ પ્રજાના દેશોમાં શિક્ષણનું સ્તર સંતોષકારક નથી. પણ ઈજીપ્ત અપવાદ છે. આરબ પ્રજાના પહેલા લેખક નજીબ મેહફૂજ ઈજીપ્તવાસી છે. આરબ જગતમાં સૌથી વધારે નોબલ પ્રાઈઝ પ્રાપ્ત કરનાર ઈજીપ્તવાસીઓ છે.

પ્રાચીન ઈજિપ્તની સંસ્કૃતિનો ઉદય આજથી અંદાજે ૫૦૦૦ વર્ષો પહેલા જગતની સૌથી મોટી નદીઓમાંની એક એવી નાઈલના કાંઠે થયો હતો. ઈસ્વીસન પૂર્વે ૩૧૫૦માં પ્રાચીન ઈજિપ્ત રાજ્યની સ્થાપના સમ્રાટ મેનીસે કરી હતી. જે ત્રણ હજાર વર્ષના શાસનની શરૂઆત હતી. અને એ કાળમાં જ નિર્માણ પામેલા સિંહની વિશાળ મુખાકૃતિ ધરાવતા સ્ફિંક્સ અને ગીઝાના પીરામીડ આજે પાંચ હજાર વર્ષ પછી પણ ઊભાં છે. ત્રણ હજાર વર્ષના શાસનકાળ દરમિયાન ત્રીસ રાજવંશોએ ઈજિપ્ત પર શાસન કર્યું અનેક વિદેશી આક્રમણો થયા પરંતુ ઈજિપ્તવાસીઓએ આ બધા જ આક્રમણોનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો. એ વખતના ઈજીપ્તના શાસકો ફેરો અથવા ફિરોન કહેવાતા. દરેક સંસ્કૃતિને કેટલાક ખાસ વળગણો હોય છે. પ્રાચીન ઈજિપ્તની સંસ્કૃતિને મૃત્યુ પછીના જીવનનું વળગણ હતું. પ્રાચીન ઈજિપ્તવાસીઓ ખાસ કરીને રાજાઓને પોતાનાં જીવતાં શરીર કરતાં મૃત શરીરની વધારે ચિંતા રહેતી. મૃત્યુ પછી પોતાના મૃતદેહને સાચવવા માટે પ્રાચીન ઈજિપ્તના રાજાઓએ વિશાળકાય અને મજબૂત પિરામિડ બંધાવ્યા છે. પીરામીડ મૂળે ગ્રીક ભાષાના પીરામીસ શબ્દનો અપભ્રંશ છે. જેનો અર્થ થાય છે કે ઘઉંની કેક જેવી વાનગી. ગ્રીકોએ જ્યારે ઈજિપ્તના રાજાઓના પીરામીડ જોયાં ત્યારે તેમણે પીરામીસ શબ્દ આપ્યો જે પછીથી પીરામીડ તરીકે તરીકે પ્રચલિત થયો. હકીકતે ઈજિપ્તમાં પીરામીડ મેરના નામે ઓળખાતા. મેરનો અર્થ 'ઉત્થાનની જગ્યા' એવો થાય છે.

પિરામિડોની રચના અતિ લાંબા સમય સુધી પૃથ્વી પર ટકી રહે તેવી બનાવવાના હેતુથી તેનો પાયો બની શકે તેટલો પહોળો અને ટોચ એકદમ સાંકડી રાખવામાં આવી હતી. પ્રાચીન મીસરવાસીઓ સૂર્યપ્રેમીઓ હતા. સૂર્યના કિરણો પૃથ્વી ઉપર ત્રિકોણાકાર રચતા હોય છે તેથી પણ પીરામીડનો આકાર ત્રીકોણ હોવાનું મનાય છે. ગણતરી મુજબ કુલ ૮૦ થી ૧૦૦ જેટલા પીરામીડ નાઈલ નદીના પશ્ચિમકાંઠે બનાવવામાં આવ્યા છે. જેને પૂર્વમાં ઊગતા સૂર્ય સાથે સંબંધ હોઈ શકે છે. ૮ થી ૧૦ ટન વજન ધરાવતા



પથ્થરની ગોઠવણીમાં મોટાભાગે માનવશક્તિ, પ્રાણીશક્તિ, ઉચ્ચાલન અને ગોળાકાર લાકડાનો ઉપયોગ થયો હોવો જોઈએ. જગતની સાત પ્રાચીન અજાયબીઓમાં હવે માત્ર પિરામિડો જ અકબંધ છે. સૌથી વિશાળ પહેલું પીરામીડ બાંધનાર રાજા ખૂફ હતો. આ પિરામિડની ઊંચાઈ ૪૫૦ ફુટની છે અને તેનો પાયાનો વિસ્તાર ૧૩ એકરમાં ફેલાયેલો છે. એવું મનાય છે કે આ પિરામિડ બાંધવામાં એક લાખ લોકોને ૨૦ વર્ષનો સમય લાગ્યો હતો.

આ પિરામિડમાં ૨૩ લાખ પથ્થર વપરાયા છે. પિરામિડની દિવાલો પરના લખાણોમાં ક્યાંક બાંધનારા મજૂરોનો પણ આછો ઉલ્લેખ જોવા મળે છે.

આમ તો પીરામીડ ઈજિપ્તના સમ્રાટોની કબરો જ છે, સમ્રાટના મૃત્યુ પછી તેના દેહને અંદરથી સાફ કરી તેમાં જંતુનાશક પદાર્થો ભરી તેને પિરામિડ મૂકવામાં આવતો, જેને મમી કહેવાતું. મમીની સાથે રાજાની જરૂરિયાતને અનુરૂપ લગભગ બધી જ સામગ્રી પણ મૂકવામાં આવતી એટલું જ નહીં, સાથે તેના નોકર-ચાકર ઉપરાંત પ્રાણીઓને પણ જીવતા દાટવામાં આવતા. પીરામીડમાં સોનું, કીમતી ધાતુઓ, વાસણો, ઘરેણાંઓ મૂકવામાં આવતા તેથી પિરામિડ હંમેશા ચોર લૂંટારાઓનું કેન્દ્ર રહ્યા છે. પ્રાચીન ઈજિપ્તના પીરામીડોએ પ્રાચીન સભ્યતાને અને મનુષ્યના વિકાસને સમજવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. વર્તમાન ઈજિપ્તવાસીઓને એક બાબત માટે અભિનંદન આપવા રહ્યા કે તેમણે પોતાની અંગત ધરોહરને વિશ્વ માટે ખુલ્લી મૂકી છે.

**તેના દેહને અંદરથી સાફ કરી તેમાં જંતુનાશક પદાર્થો ભરી તેને પિરામિડ મૂકવામાં આવતો, મમીની સાથે રાજાની જરૂરિયાતને અનુરૂપ લગભગ બધી જ સામગ્રી પણ મૂકવામાં આવતી એટલું જ નહીં, સાથે તેના નોકર-ચાકર ઉપરાંત પ્રાણીઓને પણ જીવતા દાટવામાં આવતા**

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી